==========================================================

| | | |
|---|---|---|
| **GJBN050026672024** | | કેસ દાખલ તા: ૦૯/૧૦/૨૦૨૪<br>કેસ રજી. તા: ૦૯/૧૦/૨૦૨૪<br>કેસ ફેસલ તા: ૨૩/૦૩/૨૦૨૬<br>સમય ગાળો : <u>દિવસ–માસ–વર્ષ</u><br>૧૪ ૦૫ ૦૧ |

**<u>મહુવાનાં મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું.મહુવા.</u>**

<u>ફોજદારી કેસ નં.૧૮૬૧/૨૦૨૪</u>

આંક:–

ફરીયાદી :– શ્રી સરકાર.

**વિરૂધ્ધ**

આરોપી :– પ્રદિપભાઈ મધુભાઈ સોલંકી,
ઉ.વ.૨૨, ધંધો–હીરા ઘસવાનો,મજુરી,
રહે.કુંડળ–ઢસીયા, વાઘનગર,
તા.મહુવા, જી.ભાવનગર.

**ગુન્હો:– <u>પ્રોહી. એકટની કલમ ૬૫(એએ),૧૧૬(બી),૮૧ મુજબ.</u>**

==========================================================

સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી પી.બી.બારીઆ

આરોપી તરફે વિ.વકીલશ્રી આર.એસ.ભાલીયા

==========================================================

**<u>–: ઠ રા વ :–</u>**

**૧.** આરોપી સામે ફરીયાદપક્ષના કેસની વિગત એવી છે કે, તા.૦૧/૧૦/૨૦૨૪ ના રોજ કલાક ૧૨–૪૫ વાગ્યાનાં સુમારે જનતા પ્લોટ નં.૧, મહુવા મુકામે આ કામનાં આરોપીએ કાયદાનાં સંઘર્ષમાં આવલ બાળ

==========================================================

કિશોરનાં રહેણાંક મકાને ગેરકાયદેસર પાસ પરમીટે ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની ૧૮૦ એમ.એલ.ની કંપની સીલપેક નાની–બોટલ નંગ–૨૧ તથા ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની ન્યુ દિલ્લી બનાવટની કંપની સીલપેક બોટલ નંગ–૦૩ મળી કુલ કિંમત રૂા.૩,૦૦૦/– નાં મુદામાલ સાથે આરોપી પકડાઈ જઈ ગુન્હો કરેલ હોય, આરોપીઓ સામે પ્રોહી. એકટની કલમ ૬૫(એએ),૧૧૬(બી),૮૧ મુજબની ફરીયાદ આપવામાં આવેલ.જેની તપાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો હોય ચાર્જશીટ રજુ કરેલ છે.

**૨.** આ કામના આરોપીને સમન્સની ધારાસર બજવણી થતાં કોર્ટ સમક્ષ હાજર થયેલ, તેઓને બી.એન.એસ.એસ.૨૦૨૩ ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપેલ. ત્યારબાદ આંક–૦૮ થી તહોમતનામું ફરમાવી આંક–૦૯ થી આરોપીની પ્લી નોંધવામાં આવતા આરોપીએ ગુનાનો સ્પષ્ટપણે ઈન્કાર કરતાં ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**૩.** ત્યારબાદ ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે :

| | | |
|---|---|---|
| **ફરીયાદ પક્ષે મૌખિક પુરાવાઓ :–** | | |
| (૧) | પંચ હારૂનભાઈ અલ્લારખભાઈ ચૌહાણની જુબાની | આંક–૧૧ |
| (૨) | પંચ મુસ્તુફાભાઈ મહમંદભાઈ ચૌહાણની જુબાની. | આંક–૧૩ |
| (૩) | ત.ક.અ. ભદ્રેશભાઈ ગણેશભાઈ પંડયાની જુબાની | આંક–૧૮ |
| (૪) | ત.ક.અ. વિજયભાઈ કમાભાઈ રાઠોડની જુબાની. | આંક–૧૭ |
| **ફરીયાદ પક્ષે દસ્તાવેજી પુરાવાઓ :–** | | |
| (૧) | પંચનામાની ખરી નકલ. | આંક–૧૨ |

| | | |
|---|---|---|
| (૨) | ફરીયાદની ખરી નકલ. | આંક–૧૯ |
| (૩) | તપાસ સોપ્યાનાં હુકમની ખરી નકલ. | આંક–૨૦ |
| (૪) | લાઈટબીલની નકલ. | આંક–૨૧ |

**૪.** આ સિવાય ફરિયાદ પક્ષે અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને ફરીયાદ પક્ષે એપીપીશ્રીએ પુરાવો પુરો થયા નું મૌખીક રીતે જાહેર કરતા તેના આધારે ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે અને ફરિયાદ પક્ષના પુરાવા આધારે આરોપીનું બી.એન.એસ.એસ.૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોધવા પાત્ર પુરાવો જણાતો હોઈ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે.

**૫.** ત્યારબાદ આ કામમાં ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીને સાંભવામાં આવેલ છે અને આ કામના આરોપીના વકીલશ્રીને સાંભળવામાં આવેલ છે.

**૬.** સદરહુ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–:: <u>મુદ્દાઓ</u> ::–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૦૧/૧૦/૨૦૨૪ ના રોજ કલાક ૧૨–૪૫ વાગ્યાનાં સુમારે જનતા પ્લોટ નં.૧, મહુવા મુકામે આ કામનાં આરોપીએ કાયદાનાં સંઘર્ષમાં આવલ બાળ કિશોરનાં રહેણાંક મકાને ગેરકાયદેસર પાસ પરમીટે ભારતીય બનાવટની ઈગ્લીશ દારૂની ૧૮૦ એમ.એલ.ની કંપની સીલપેક નાની–બોટલ નંગ–૨૧ તથા ભારતીય બનાવટની ઈગ્લીશ દારૂની ન્યુ દિલ્લી બનાવટની કંપની સીલપેક બોટલ નંગ–૦૩ મળી કુલ કિંમત રૂા.૩,૦૦૦/– નાં મુદામાલ સાથે આરોપી પકડાઈ જઈ પ્રોહી.

એકટની કલમ ૬૫(એએ),૧૧૬(બી),૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

**૭.** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**–:: <u>કા ર ણો</u> ::–**

**<u>મુદ્દા નં.૧</u> :–**

૮. આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા માટે આંક–૧૧ થી પં ચ સાહેદ હારૂનભાઈ અલ્લારખભાઈ ચૌહાણ તેમજ આંક–૧૩ થી પં ચ સાહેદ મુસ્તુફાભાઈ મહમંદભાઈ ચૌહાણનાઓને તપાસેલા છે. તેઓએ આંક–૧૨ વાળા ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતને સમર્થન કરેલ ન હોઈ તેઓને હોસ્ટાઈલ જાહેર કરી ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૫૭ અનુસાર ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા પરવાનગી માંગતા વિ.એ.પી.પી.શ્રીને પંચ સાહેદોની ઉલટતપાસ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે. પરંતુ, તેમાંથી પણ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવો કે પંચનામાને સમર્થન મળે તેવો લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. ત્યારબાદ બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસ ે તેમની તૈયાર પંચનામામાં સહી લીધેલી, તેમજ પંચનામા અંગે કોઈ જાત માહીતી નથી.

૯. આ કામે ફરીયાદપક્ષે અતિ મહત્વના ત.ક.અ. ભદ્રેશભાઈ ગણેશભાઈ પંડયા નાઓને આંક–૧૮ થી સોગંદ ઉપર તપાસેલા છે. જેમાં તેઓ જણાવે છે કે, તા.૦૧/૧૦/૨૦૨૪ ના રોજ તેઓ તથા ફરીયાદી તથા પોલીસ સ્ટાફનાં માણસો મહુવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા ત્યારે જનતા પ્લોટ નં.૧, મહુવામાં આવતા ફરીયાદીને ખાનગી બાતમી રાહે હકીકત મળેલ કે અહી રહેતા પ્રદિપભાઈ મધુભાઈ સોલંકી તથા કિશનભાઈ ઉર્ફે ડાઘો દિનેશભાઈ નાઓએ કિશનભાઈનાં રહેણાંકી મકાને ભારતીય બનાવટની ઈગ્લીશ દારૂની બોટલો રાખી વેચાણ કરે છે. તેવી હકીકત મળતા પંચોનાં માણસોને બોલાવી હકીકત વાળી જગ્યાએ રેડ કરતા એક પુરૂષ ઈસમ હાજર મળી આવેલ, જેનું પંચો રૂબરૂ નામ ઠામ પુછતા પોતે પોતાનું નામ પ્રદિપભાઈ મધુભાઈ સોલંકી હોવાનું જણાવેલ. તેને સાથે રાખી મકાનની ઝડતી તપાસ કરતા મકાનનાં રૂમમાં એક કાપડનો થેલો મળી આવેલ, જે થેલામાં ભારતીય બનાવટની ઈગ્લીશ દારૂની સીલ પેક નાની–મોટી બોટલો મળી આવતા સદરહું દારૂ રાખવા અંગે પાસ પરમીટ માંગતા નહિ હોવાનું જણાવેલ. તેની પાસેથી પરપ્રાંતીય ઈગ્લીશ દારૂની ૧૮૦ એમ.એલ. ની કંપની સીલબંધ બોટલ નંગ–૨૧ મળી આવેલ જે એક બોટલની કિંમત રૂા.૧૦૦/– લેખે કુલ ૨૧ બોટલોની કિંમત રૂા.૨,૧૦૦/– ગણી તથા પરપ્રાંતીય ઈગ્લીશ દારૂની ૭૫૦ એમ.એલ.ની કંપની સીલપેક બોટલ નંગ–૩ મળી આવેલ જે એક બોટલની કિંમત રૂા.૩૦૦/– ગણી કુલ રૂા.૯૦૦/– ગણી પંચનામાની વિગતે કબજે કરેલ. આમ, મજકુર ઈસમ પ્રદિપભાઈ માધુભાઈ સોલંકી તથા કિશનભાઈ ઉર્ફે ડાઘો દિનેશભાઈ વાળાનાં

રહેણાંકી મકાને ગેરકાયદેસર વગર પાસ પરમીટે પરપ્રાંતીય ઈંગ્લીશ દારૂની ૧૮૦ એમ.એલ. ની કંપની સીલબંધ બોટલ નંગ-૨૧ મળી આવેલ જે એક બોટલની કિંમત રૂા.૧૦૦/- લેખે કુલ ૨૧ બોટલોની કિંમત રૂા.૨,૧૦૦/- ગણી તથા પરપ્રાંતીય ઈંગ્લીશ દારૂની ૭૫૦ એમ.એલ.ની કંપની સીલપેક બોટલ નંગ-૩ મળી આવેલ જે એક બોટલની કિંમત રૂા.૩૦૦/- ગણી કુલ રૂા.૯૦૦/- આમ કુલ રૂા.૩,૦૦૦/- નાં પ્રોહી મુદામાલ સાથે રે દરમ્યાન આરોપી નં.૧ હાજર મળી આવી તથા આરોપી નં.૨ હાજર નહી મળી આવી ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરેલ હોય તેની સામે ફરીયાદીએ ફરીયાદ આપેલ હોવાનું જણાવી આંક-૧૯ થી રજુ ફરીયાદમાં ફરીયાદીની સહી ઓળખી બતાવેલ છે. ત્યારબાદ સદરહું ગુન્હો પી.એસ.ઓ.એ રજીસ્ટરે નોંધી આગળની તપાસ તેઓને સોપતા તેઓએ તપાસ સંભાળી લઈ લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો લીધેલ. તેમજ તપાસનાં કામે આરોપી કિશનભાઈ ઉર્ફે ડાઘો દિનેશભાઈ બાળ કિશોર હોય તે જે મકાનમાંથી પ્રોહી. મુદામાલ મળી આવેલ હોય તે મકાનનું લાઈટબીલ રજુ કરતા હોય તે લાઈટબીલ તેમનાં દાદા મગનભાઈ બાબુભાઈ નાઓનાં નામનુ હોય તે તપાસ અર્થે મળવી સામેલ રાખેલ. તપાસનાં કામે આરોપી નં .૧ નાઓને અટક કરેલ અને આરોપી નં.૨ નાઓ બાળકિશોર હોય તેનો રીપોર્ટ જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ ખાતે મોકલી આપેલ. તેમજ તપાસનાં અંતે આરોપી નં.૧ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

સદરહું ત.ક.અમલદારની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં ફરીયાદમાં પંચોનાં નામ જણાવેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે પોલીસ સાહેદો સિવાય બીજા કોઈ સ્વતંત્ર સાહેદોનાં નિવેદનો લીધેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી નં.૧ ના નામનું કોઈ મકાન હોય તેનો કોઈ આધાર પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાની આજુબાજુમાં રહેતા કોઈ લોકોનં નિવેદન લીધેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ કોઈ સ્ટેશન ડાયરીનો ઉતારો તપાસનાં કામે રજુ કરેલ નથી.

૧૦. ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા માટે આ કામે રજુ થયેલ પુરાવો જોઈએ તો રજુ થયેલ પંચનામા અંગે સદર પંચ સાહેદે પોતાની જુબાની દરમ્યાન ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ નથી અને કહેવાતો મુદ્દામાલ દારુ હાલના કામના આરોપીના કબજા ભોગવટા માંથી મળી આવેલ હોઈ કે કહેવાતો દારુ હાલના કામના આરોપીની જાણમાં હોય અને તે રીતે આરોપી પાસે થી મળી આવેલ હોઈ તેવો કોઈ સચોટ પુરાવો હાલના કામની ફરીયાદના પંચ સાહેદોએ આપેલ નથી. તેમજ કહેવાતો મુદ્દામાલ તેમની રૂબરૂ કબજે કરવામાં આવેલ હોઈ તેવો પણ કોઈ પુરાવો પંચો ધ્વારા આપવામાં આવેલ નથી. આમ સદર પંચ સાહેદોએ ફરીયાદપક્ષના પંચનામાને સમર્થન થાય તેવો કોઈ પુરાવો આપેલ ન હોઈ જેથી સદર રજુ થયેલ પંચનામુ નિશંકપણે ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલા નથી તે ઉપરાંત ફરીયાદપક્ષે અન્ય કોઈ રીતે પણ સદર પંચનામુ પુરવાર કરવા માટેના કોઈ પ્રયત્નો કરેલા નથી. આ ઉપરાંત આરોપી તરફેના વિ. વ.

શ્રી દવારા સદર પંચ સાહેદની ઉલટ તપાસમાં સદર પં ચ સાહેદોએ હકીકતનો સ્વીકાર કરેલો છે કે તેઓએ તૈયાર લખેલા કાગળોમાં સહી કરેલી તે સિવાય તેઓ બીજુ કાંઈ જાણતાં નથી. આમ, સદર કામે પંચ સાહેદના પુરાવો ધ્યાને લઈએ તો તેઓએ માત્ર તૈયાર પં ચનામામાં સહી કરેલાની હકીકતને સમર્થન આપેલ છે પરંતુ તે પં ચનામામાં શું લખેલું અને તેઓ ની રૂબરૂ કોઈ પંચનામામાં જણાવેલ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ તે હકીકત નિશં કપણે પુરવાર થતી નથી.

**૧૧.** આમ જયારે પંચસાહેદો એ ફરીયાદપક્ષની હકકીતને સમર્થન આપેલ ન હોઈ અને પંચનામુ નિશંકપણે પુરવાર થયેલ ન હોઈ ત્યારે આ કામે પોલીસ સાહેદનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદીએ સદર કહેવાતો મુદ્દામાલ પંચો રૂબરૂ કબજે કરેલાની હકીકત જણાવે છે પરંતુ સદર મુદ્દામાલ જે દારુ કબજે કરેલ છે તે બોમ્બે પ્ર ોહીબીશન એકટ ની કલમ ૧૧૬(ગ) માં જોગવાઈ કરવામાં આવેલ છે કે, ***કોઈપણ દારુ જપ્ત કર્યો હોય તેવા નશાબંધી અધિકારી અથવા પોલીસ અધિકારીએ સમય ગુમાવ્યા વિના તે દારૂનો નમુનો વિગતવાર પૃથથકરણ રીપોર્ટ માટે રાજયની ન્યાય સહાયક વિજ્ઞાન પ્રાયોગશાળા ને તાત્કાલીક મોકલવાની ફરજ રહેશે.***

**૧૨.** આમ જયારે મુદ્દામાલ તરીકે દારૂ કબજે લેવામાં આવે તો તેને વિના વિલંબે એફ.એસ.એલ. માં પરીક્ષણ અર્થે મોકલવાની જોગવાઈ કરવામાં આવેલ છે. તે ઉપરાંત ચાર્જશીટ સાથે કહેવાતો પકડાયેલ મુદ્દામાલ એ દારૂ જ છે તે સાબીત કરવા માટે એફ.એસ.એલ નો રીપોર્ટ પોલીસે ચાર્જશીટ સાથે રજુ કરેલ નથી કે તે અંગેનો કોઈ પુરાવો ચાલુ

ટ્રાયલ દરમ્યાન પોલીસ અધિકારીઓ ધ્વારા પણ રજુ કરવામાં આવેલ નથી. આમ સદર ગુનાના કામે ફરીયાદપક્ષ એ હકીકત નિશં કપણે પ્રસ્થાપિત કરી સાબીત કરી શકેલ નથી કે, આ ગુનાના કામે પં ચો રૂબરૂ કબજે લેવામાં આવેલ મુદ્દામાલ એ પ્રતિબંધીત દારુ જ છે. આમ સદર કામે પોલીસે જે કહેવાતો પ્રતિબંધીત દારૂ પંચનામાની રૂએ કબજે કરેલ છે તે પંચનામુ પણ ફરીયાદપક્ષના અન્ય સાહેદોના પુરાવાના આધારે નિશંકપણે પુરવાર થતુ નથી તેમજ સદર કામે કોઈ એફ.એસ.એલ નો રીપોર્ટ પણ રજુ કરવામાં આવેલ નથી. ત્યારે પં ચ સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષ સમર્થન કરતો ન હોઈ ત્યારે પોલીસ સાહેદના એકલા ના પુરાવાથી આરોપીને સજા કરી શકાય નહી. વધુમાં આ કામે પ્રથમ પંચનામું કર્યા બાદ ફરીયાદ આપવામાં આવેલ હોવા છતાં ફરીયાદમાં પંચોના નામ જણાવવામાં આવેલ નથી. તેમજ બનાવ સ્થળ જાહેર વિસ્તાર હોય બનાવવાળા સ્થળેથી સ્વતંત્ર સાહેદો સહેલાઈથી મળી શકે તેમ હોવા છતાં આ કામે પોલીસ સાહેદો સિવાય સ્વતંત્ર સાહેદોના કોઈ નિવેદનો લેવામાં આવેલ નથી. તેમજ કહેવાતી જગ્યા આ કામના આરોપીની માલિકી કે કબજા હવાલાનું હોવા અંગે કોઈ આધાર પુરાવો રજુ કરવામાં આવેલ નથી. આમ આ કામે રજુ થયેલ ઉપરોકત સમગ્ર પુરાવો જોવામાં આવે તો પંચ સાહેદના પુરાવાથી ફરિયાદ પક્ષના કેસની હકીકતને કે પંચનામાની હકીકતને કોઈ સમર્થન મળતુ નથી.

**૧૩.** વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતનાં ૧૯૯૬ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમિનલ) પાના નં.૧૧૦૪ વાળા ચુકાદા મુજબ, સાહેદી લીસ્ટમાના અન્ય સાહેદોને જો તપાસવામાં આવે તો પણ કેસનાં અંતિમ

==========================================================

પરિણામમાં કોઈ ફરક પડે તેમ જણાતું ન હોય ત્યારે માત્ર પ્રક્રિયા પુરી કરવા માટે થઈને અન્ય સાહેદોને તપાસવા માટે અદાલતનો કિંમતી સમય વેડફવો ન્યાયોચિત જણાતુ ન હોય અન્ય સાહેદોને આ કામે તપાસવામાં આવેલ નથી.

**૧૪.** નામદાર સર્વોચ્ચ અદાલતે તેમનાં ચુકાદા *AIR 2001 (S.C) 1380 "Sohan v. State of Haryana"* માં એવુ પ્રસ્થાપિત કરેલ છે કે,

*" 21. An accused is presumed to be innocent until he is found guilty. The burden of proof, that he is guilty, is on the prosecution and that the prosecution has to establish its case beyond all reasonable doubts. In other words, the innocence of an accused can be dispelled by the prosecution only on establishing his guilt beyond all reasonable doubts on the basis of evidence."*

આમ, ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૦૪ મુજબ ફરીયાદપક્ષનો કેસ પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની હોય છે અને ફરીયાદપક્ષે તેમનાં પોતાનાં વિશ્વાસપાત્ર અને સજ્જડ પુરવાથી આરોપી સામેનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવો જોઈએ. આરોપી ઉપર તે પોતે નિર્દોષ છે તેવું સાબીત કરવાનો નકારાત્મક બોજો નાંખી શકાય નહી.

**૧૫.** આમ સદર ગુનામાં પકડાયેલ મુદ્દામાલ તે આરોપીના કબજા ભોગવટામાં હોવાનું પણ કોઈ સ્પષ્ટ અને ચોકકસ પુરાવાથી પુરવાર કરવામાં આવેલ નથી અને બનાવ વાળી જગ્યાની માલીકી અંગે પણ

==========================================================

==========================================================

તપાસ કરનાર અધિકારીએ કોઈ પુરાવો લીધેલ નથી. તે સંજોગો માં સદર કામે આક્ષેપાયેલા ગુનાના મુખ્ય આવશ્યક તત્વો પુરવાર થતા નથી. વધુમાં ફરિયાદપક્ષના રેડ સમયના પંચ સાહેદોના સોગંદ ઉપરના પુરાવાના વિરોધાભાસને કારણે ફરિયાદપક્ષના કેસ પરત્વે શંકા ઉત્પન્ન થાય છે અને ક્રિમિનલ જયુરીસપ્રુડન્સના પાયાના સિધ્ધાંત મુજબ ફરિયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર સાબીત કરવાનો હોય છે અને આરોપીએ પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી અને જયાં શંકા જાય તેમ હોય ત્યાં આરોપીને લાભ મળવા પાત્ર છે તે ધ્યાને લેતા ફરિયાદપક્ષ પોતાના કેસની હકીકતો શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોઈ ઉપરોકત કરેલ તમામ ચર્ચા અને જણાવેલ કારણોસર ફરિયાદપક્ષ પોતાનો કેસ નિષ્પક્ષ પણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

==================================================

**–:: <u>આખરી હુકમ</u> ::–**

==================================================

(૧) આ કામના આરોપી પ્રદિપભાઈ મધુભાઈ સોલંકી નાઓને પ્રોહી એકટ ની કલમ–૬પ (એએ),૧૧૬(બી),૮૧ અન્વયેના ગુન્હાના કામે બી.એન.એસ.–ર૦ર૩ ની કલમ–ર૭૧ મુજબ પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(ર) ઉપરોકત ચુકાદા વિરુધ્ધ ભવિષ્યમાં અપીલ થાય તો તેવા સંજોગોમાં બન્ને આરોપીની હાજરી ઉપલબ્ધ રહે તે હેતુથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ માં કરવામાં આવેલ જોગવાઈ અનુસાર

==========================================================

બન્ને આરોપીએ રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) ના સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાત જામીન આપવા આથી હુકમ કરવામાં આવે છે.

(૩) મુદ્દામાલ દારૂનો અપીલ પીરીયડ પુરો થયા બાદ નિયમો અનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ રોજ તારીખ–૨૩[મી], માહે– માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૩/૦૩/૨૦૨૬
સ્થળ–મહુવા.

(જયેશકુમાર બાબુભાઈ શર્મા)
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
મહુવા.
કોડ નં.જીજે૦૧૬૨૩

એ.એમ.વાળા